# 8 બૂરાઈના દ્વાર પરથી

**ઝવેરચંદ મેઘાણી**

**(જન્મ : તા. 17-8-1897, મૃત્યુ : તા. 9-3-1947)**

કવિ, નવલકથાકાર, વાર્તાકાર, લોકસાહિત્યના સંશોધક-સંપાદક, વિવેચક, અનુવાદક ઝવેરચંદ કાળિદાસ મેઘાણી સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા ગામમાં જન્મ્યા હતા. બગસરા તેમનું વતન હતું. સૌરાષ્ટ્રમાં વિવિધ સ્થળે અભ્યાસ કર્યો. 1916માં અંગ્રેજી-સંસ્કૃત વિષયો સાથે જૂનાગઢની બહાઉદ્દીન કૉલેજમાંથી સ્નાતક થયા. ભાવનગરની સનાતનધર્મ હાઈસ્કૂલમાં ખંડસમયના શિક્ષક તરીકે નોકરી કરી. કલકત્તામાં ઍલ્યુમિનિયમના કારખાનામાં મૅનેજર થયા. પોતાના બાળપણના અને સૌરાષ્ટ્રના અનુભવોને આધારે તેમણે 'ચોરાનો પોકાર' લેખ લખ્યો. અમૃતલાલ શેઠના 'સૌરાષ્ટ્ર દૈનિક'માં પત્રકાર થયા અને રાણપુર વસ્યા. મેઘાણીને તેમનું પ્રિય કામ મળ્યું. અનેક વિસ્તારમાં ફરી વળીને દુહાગીરો, કથાકારો, વૃદ્ધજનો, સ્ત્રી-પુરુષો પાસેથી લોકગીતો અને લોકકથાઓ નોંધીને તેનું સંશોધન, સંપાદન, લેખન શરૂ કર્યું.

'સૌરાષ્ટ્રની રસધાર', 'સોરઠી બહારવટિયા', 'સોરઠી', 'દાદાજીની વાતો' એવાં લોકવાર્તાનાં સંપાદનો તથા 'કંકાવટી', 'રઢિયાળી રાત', 'ચૂંદડી', 'હાલરડાં', 'ઋતુગીતો' એવાં લોકગીતોનાં સંપાદનોમાં મેઘાણીની સૂઝ અને પરખ દેખાય છે. મેઘાણીના આ ભગીરથ કાર્યને કારણે સ્મૃતિને આધારે જળવાતો લોકસાહિત્યનો સમૃદ્ધ વારસો આપણને પ્રાપ્ત થયો છે.

'સૌરાષ્ટ્રનાં ખંડેરોમાં', 'લોકસાહિત્યનું સમાલોચન', 'ધરતીનું ધાવણ' જેવા ગ્રંથોમાં લોકસાહિત્યની મીમાંસા કરી તેની વિલક્ષણતાનો પરિચય કરાવ્યો છે. ગાંધીયુગ અને સ્વતંત્રતા સંગ્રામને ઝીલતા 'યુગવંદના', 'સિંધુડો' જેવા કાવ્યસંગ્રહો તેમણે આપ્યા છે. રાષ્ટ્રપ્રેમ, દીનદુઃખી પ્રત્યે હમદર્દી વ્યક્ત કરતાં ગીતો-કાવ્યો તેમણે આપ્યાં છે.

'બૂરાઈના દ્વાર પરથી' નવલિકામાં ઝવેરચંદ મેઘાણીએ ઝમકુનું જનમનું સુમેળભર્યું સ્નેહાળ દામ્પત્યજીવન તો આલેખ્યું જ છે સાથે-સાથે મહેનત-મજૂરી કરનારા માણસો જીવનભર પરસેવો પાડે તોપણ તેમના જીવનમાં દારુણ ગરીબી અને શોષણ લખાયેલાં જ રહે છે તેવો સૂર આલેખી આપ્યો છે. સામે પક્ષે લેખકે કેટલાંક અમીર માણસોનાં સંકુચિત, શોષણખોર, મન, સ્વાર્થી અને સંવેદનહીન દર્શાવીને અહીં સરસ અભિવ્યક્તિ સાધી છે.

---

ઝમકુ અને જમન ચીભડાં વેચવા બેઠાં હતાં. શાકપીઠની અંદર હાટડું ભાડે રાખવાની બે દા'ડા સારું શી જરૂર, એટલે શેરીમાં રસ્તા ઉપર પછેડી પાથરીને ચીભડાં મૂક્યાં હતાં. પણ બેના ચાર દિવસ થઈ ગયા હતા. જુવાન જોડલું હતું. ચમનલાલ શેઠના 'બાથરૂમ'માં જઈને એક વાર જો તેલનું મર્દન લઈને માઈસોરી સુખડના સાબુથી અંઘોળ કરે અને ટુવાલે શરીર લૂછે, તો મજૂર અને વાણિયા વચ્ચેનો રૂપ-ભેદ કોણ પારખી શકે? - એવાં એ જમન અને ઝમકુનાં લાવણ્યવંતાં, ઘાટીલાં અને લાલ ચટકી ઊપડતાં શરીરો હતાં. સંસાર જો તપોવન હોય અને પરસેવો ટપકાવીને પેટ-ગુજારો કરવો એ જ સાચો યજ્ઞ હોય, તો તો આ બેઉ જણાં સાચો યજ્ઞ જ કરી રહ્યાં હતાં. બેઉ ઉપવાસી હતાં, ધૂપમાં બેઠાં હતાં, એક આસને બેઠાં હતાં; ધૂળના વંટોળા ગરીબીના હવનના ધુમાડા-શા ઊડતા હતા અને બેઉના મોં ઉપર આનંદનો ઉજાસ મલકતો હતો.

''હવે બે ફાંટ મતીરાં રિયાં છે, ઝટ નીકળી જાય તો ભાગીએં.''

''હા, હવે રોટલા પણ એક ટંકના જ બાકી છે. બે દિ'ના ઘડી લાવી'તી; તેને સાટે ચાર દિ' ગદરી ગયા. માતાજીએ સે' પૂરી, ખરું?''

''પણ હવે રોટલા કાં'ક સુકાણા, હો! ભેળું કાંઈ શાક-અથાણું ન મળે ખરું ને, એટલે પાણીને ઘૂંટડે-ઘૂંટડે..''

''અરે, તમે જુઓ તો ખરા! હોશિયાર થઈને આટલાં ચીભડાં કાઢી નાખો ને, એટલે સાંજે ને સાંજે અમરાપર ભેળાં થઈ જઈએ. અધરાત થઈ ગઈ હશે ને, તોય મારી મા ઊના-ઊના રોટલા ઘડી દેશે, ને હું લસણની ચટણી વાટી નાખીશ, માટે તમે હેમત રાખીને આટલાં વેચી કાઢો-મારો વાલો કરું.''

નાના બાળકને પ્રોત્સાહિત કરતી હોય તેવે શબ્દે ધણીને ચાનક આપતી બાઈ પોતાના ધાવણવિહોણા નાના બાળકને પાલવ ખેંચીને ઢાંકતી હતી, પણ પાલવ તાણવા જાય છે ત્યાં પાછી બીજી બાજુ પીઠ ઉઘાડી થઈ જતી હતી; છોકરો છાતીમાં માથું માર-માર કરતો હતો.

'' પણ ઘરાક આવે છે જ ક્યાં? ''

'' અરે, આવે શું નહીં? તમે મોઢામાંથી કાં'ક બોલો તો-તો હમણાં આવેઃ મોરલીને માથે નાગ આવે એમ આવે. આમ

જોવોને : આખી પીઠમાં કાછિયા કેવી-કેવી બોલી કરીને લલકારી રિયા છે! તમે તો, ભૂંડા, જીભ જ હલાવતા નથી.''

''મને એવું વેણ કાઢતાં ને સમે રાગે નાખતાં આવડે નહીં.''

''નો આવડે શું?'' ધીરે સૂરે બાઈ પુરુષને પઢાવવાં લાગી : ''એ આ સાકરિયા મેવા ! એ આ મધના ઘડા લઈ જાવ! અમૃતના મેવા લૂંટી જાવ!....લ્યો, બોલો એમ!''

લજામણીનો છોડ જાણે : એનું જડબું ફાટ્યું જ નહિ. નીચે જોઈ ગયો.

''ઓય માટીડો! નારી ઘડતાં-ઘડતાં ભૂલથી નર ઘડ્યો લાગે છે ભગવાને.'' એમ કહેતીકને બાઈ પોતાના ગળચટા ગળાના સૂર કાઢવા લાગી :

'' બે જઈના શેર! આ અમરતના કૂંપા બે પૈસાના શેર! આ સાકરટેટી બે જઈની શેર! આ મીઠા મેવા બે પૈસે શેર!''

એક ખેસધારી વેપારી આવીને ઊભા રહ્યા. ઘેરે વિવાહ છે; સાંજે જાનનાં માણસોને પીરસવા ચીભડાનું શાક કરવું છે. પૂછે છે :

''શો ભાવ?''

''બે પૈસે શેર, બાપા! અમૃત રોખો માલ!''

''આનાનાં અઢી શેર તો ઓલી દુકાને આપે છે.''

''ના, બાપા; અમારે પોસાય નહિ. અમે પરગામથી આવેલ છયેં! ચાર દિ'થી ખુવારના ખાટલા છે અમારે. નદીમાં કૂંટીઆ ગાળી-ગાળીને, માટલાં સારી-સારીને વાડા પાયા છે, ભાઈ! કેડયના મકોડા નોખા થઈ ગયા છે.!

''ઈ ઠીક; મહેનત વગર કાંઈ થોડો રોટલો મળે છે!'' રૂના સટ્ટા રમનાર વેપારીએ ઝમકુને ભોંઠી પાડી. ''લે-એક વાત કર, એટલે હું આખી ફાંટ લઈ લઉં. મારે ઘેર જાન આવવાની છે.''

''અરે, મારા ભાઈ ! જાનને જમાડવી છે, હજારું રૂપિયા ખરચીને વિવાહ માંડેલ છે, એમાં અમને ચાર-છ આના ખટાવતાં શું બીઓ છો? એમાં તમને કેટલોક કસ રે'શે?''

''લાંબી વાત નહિ, આનાનાં ત્રણ શેર તોળી દેવાં હોય તો દે. તારાં સડેલબડેલ, અડધાં ચીરેલાં - તમામ લઈ જાઉં.''

''ના, ભાઈ; પેટના પાટા ન છૂટે.''

''ઠીક ત્યાર; બેઠાં-બેઠાં ફાંકો ધૂળ આંહી બે દિ'સુધી.''

વેપારી ભાઈ હાટડે-હાટડે અને નીચે બેઠક કરીને વેચનાર એકોએકની પાસે ફરે છે. વારંવાર એની ટાંપ આ મજૂર-બેલડીની ફાંટ ઉપર મંડાય છે.

જમન-ઝમકુના અંતરમાં આ વાત પરથી વિચારનું જાણે કે એક વલોણું ચાલવા લાગ્યું :

''આ શેઠીઆવ; હજારું ના રળનાર, અને હજારુંના ધુંવાડા કરીને વરા ઉકેલનારા પણ શાકપાંદડાંની વાતમાં પાઈ-પૈસાની ગણતરી છોડતા જ નથી.''

''કોણ જાણે આપણે કઈ મેડીયું ચણાવી નાખીએં છયેં આ કમાણીમાંથી!''

''ઈ વેપારીયુંની વિદ્યા જ અવળચંડી. બાપ-દીકરાને પે'લું શાસ્તર જ ઈ પઢાવે કે આગલા પાસેથી કસીને લેવું અને સામાને છેતરે ઈ ચડિયાતો.''

એવી વાતો થાય છે ત્યાં તો એક બાઈ રૂમાલ લઈને આવી ઊભી રહી : હાથ-પગ અને ડોકમાં હેમના દાગીના છે; પગમાં ચંપલની જોડી છે; ઝીણો સુંદર સાડલો છે; નાની શી કોથળીમાં પૈસા ઠીક-ઠીક છે.

''કેમ દે છે ચીભડાં ?''

'' બે પૈસા શેર, બોન!''

''અરે, એવું તે હોય? તમે મજૂર તો હવે લૂંટવા બેઠાં. લે, જોખ એક શેર. મારે મંદિર જવાનું મોડું થાય છે...એમ શેની જોખ છ? જો, કડી ચડી ગઈ છે ત્રાજવાની ને નમતું જોખ બરાબર : છોકરાં ફોસલાવ મા.''

''લ્યો, બોન! - આ નમતું. '' કહીને ઝમકુએ દોઢ શેરથી ઝાઝેરો માલ જોખી આપ્યો.

''હવે એક ચીર દે આ પાકા ચીભડાંમાંથી.'' શેઠાણીએ એક કાપેલ ચીભડા ઉપર બણબણતી માંખો ઉડાડીને એમાંથી ચીર માગી.

''હજી પાછી ચીર, બોન!''

''હાસ્તો, મફત ક્યાં દેછ? મારો છોકરો ઘેર જતાં જ માગે- ખબર છે?''

''પણ, બોન,'' ઝમકુને એ અક્કેક પલકે પોતાનો મહેનતે ઉઝેરેલ વાડો, મથી મથીને ગાળેલ કુંટીઓ અને માટલે-માટલે સારીને ત્રણ મહિના સુધી લાગલાગટ પાયેલ પાણી સાંભરી આવતાં હતાં. શિયાળવાં અને હરાયાં ઢોર હાંકી-હાંકી ઉજાગરા તાણેલા.

''લાવ, ચીર દેછ કે? નીકર આ લે તારું ચીભડું પાછું.''

ચીર દેવી પડી. કેમ જાણે કલેજામાંથી ચીર કાપી આપવી પડી હોય, એવું દર્દ એના અંતઃકરણમાં થયું.

''આવા જીવ શે થઈ જાતા હશે આ પૈસાવાળાના ?''

''માટે જ આપણે નિર્ધન રહ્યાં સારાં.''

''ના, ના ; મને તો દાઝ ચડે છે કો'ક કો'ક વાર.''

''દાઝ ન ચડાવીએં, ડાયા! પારકો પરદેશ છેઃ આપણે રિયાં મજૂર : કાં'ક થાય તો સપાઈને આપણા જ વાંકની ગંધ આવે.''

તેટલામાં તો ''પિયુ, પે'લી પેસેન્જરમાં આવજો...'' નું છેલ્લામાં છેલ્લું નવું લોકપ્રિય નાટક-ગીત ગાતો-ગાતો બંકડો પોલીસ આવ્યો અને એક ચીભડું લઈ, કશી ચર્ચા, માથાકૂટ કે લપછપ કર્યા વગર મલપતી ચાલે ચાલ્યો ગયો, ચીભડા ઉપર આંગળીઓથી તાલ દેતો એ નવું કવાલી-ગીત ગાતો ગયો;

જમન અને ઝમકુ એકબીજા સામે જોઈ રહ્યાં. બાઈ તો ઝેર પી ગઈ હતી; હસીને બોલી : ''આય એક તાલ છે ને!''

''તને ઓળખે છે?'' ધણીની આંખોમાં ઠપકો હતો.

''તમારું તે ફટકી ગયું છે કે શું?''

''ચાર પૈસાનો માલ આમ ઉપાડીને હાલતો થાય, તોય તું દાંત કાઢ છ : કેમ જાણે તારા પિયરનો સગો હોય!''

''હવે વાત જાતી કરોને...'' બાઈએ ધણીના વાંસામાં હાથ ફેરવ્યો. ''જોને, તમારાં લૂગડાં એક મહિનામાં મેલાંડાટ થઈ ગયાં છે. આજ સાંજે મારા બાપને ઘેર પહોંચવા દેઃ ત્યાં ખારોપાટ છે, તે સંધાય લૂગડાં ત્યાં ઘસી-ભૂંસી, ચોળી હડમાનની કૂઈએ રૂપાળાં ધમધમાવી નાખું. હાલો, મારો વાલો કરું -હવે એકાદ લલકારો કરો જોઉં!''

ધણીના કલેજાની કળ જાણે કે આ સુંવાળાં વચનો વડે ઊતરી ગઈ. ''માતાના સમ! મને શરમ આવે છે.''

''હેઠ્ય -નાની વઉ!' કહીને કોમળ કંઠે ઝમકુએ સૂર છેડ્યાઃ ''એ...આ શરબતના કૂંપા લઈ જાવ! આ દૂધિયા માલ લઈ જાવ!

સાંજ નમતી હતી. વર-વહુના ચહેરા ઉપર પશ્ચિમનાં કેસૂડાં જાણે રંગ ઢોળતાં હતાં. આથમણી દિશાના માળી સૂરજે સીમાડા ઉપર ફૂલ ભરપૂર ખાખરાનાં કેસરિયાં વન ખડાં કર્યાં હતાં. વાદળાંઓમાં રમતી વગડાઉ છોકરીઓ એ વન-ફૂલને વેડતી હતી.

''સાંજે આપણે જાયેં ત્યારે ચારે દિ'ના પૈસા તમારી પાઘડીના માયલી કોરના એક આંટામાં બાંધી લેજો, હો! રસ્તે કાઠીનું ગામ છે....''

''પણ, ઈ તો પાઘડીય નહિ પડાવી લ્યે? રાતા મધરાસીઆની પાઘડી કાંઈ કાઠી એમ મૂકી દેશે ?''

''ઠીક ત્યારે, હું મારે કેડ્યે બાંધી લઈશ.''

બકરીને હાંકતાં-હાંકતાં ફરીથી બાઈએ લલકાર કર્યો કે, ''એ...આ ઘીના કૂડલા લઈ જાવ!''

'' કેમ કર્યાં ચીભડાં?'' એમ પૂછતો, જવાબની રાહ પણ જોયા વગર એક જુવાન નીચે બેસીને કહે છે કે, ''અધમણ જોખો''.

''સુમનલાલ!'' પેલા ખેસધારી વેપારી સામેની એક ખોજાની દુકાને ઊભા હતા, તેણે આ સુમનલાલને હાથની ઈશારત કરીને બોલાવી લીધા ને કહ્યું, ''ઉતાવળ કરો મા. એ છે પરગામનાં. આજ સાંજ પડશે એટલે મફત આપી દઈને પણ ભાગશે, એવાં થાકેલાં છે. તમે થોડી વાર થોભી જાવ. આનાનાં ત્રણ શેર લેખે આખોય 'લોટ' આપણે ઉપાડીને પછી વહેંચી લેશું.''

જમન-ઝમકુએ સમજી લીધું : ''આપણું ઘરાક ટાળ્યું ઓલ્યે શેઠીએ.''

''મને તો કાંઈનું કાંઈ થઈ જાય છે મનમાં '' જમનના ધમધમતા મગજમાંથી જાણે દસ કલ્પનાના માનવી અક્કેક ડાંગ લઈને દોડે છે અને એ વેપારીના ઉપર તૂટી પડે છે.

સુમનલાલ શરમે-શરમે થોડી વાર ઊભા થઈ રહ્યા. એના સલાહકાર ખેસધારી ભાઈ જમન-ઝમકુ સામે જોઈ હસવા લાગ્યા પણ સુમનલાલની અધીરાઈ દેખાવા લાગી. વારંવાર એની નજર પોતાની કાંડા-ઘડિયાળના કાંટા ઉપર પડવા માંડી. ખેસધારી ભાઈએ એને પાંચ-દસ મિનિટ કઢાવી નાખવાના હેતુથી પૂછવા માંડ્યું : ''કૉલેજમાં પાછા ક્યારે જવાના છો? કેટલામો નંબર રાખો છો? હવે 'એલ.એલ.બી. થવાને કેટલાં વરસ બાકી? વિલાયત જશો ને? -- કે ગાંધી મા'તમ્યામાં ભળશો?''

''જે થાય તે ખરું,'' એવા ટૂંકા અવાજથી પતાવીને સુમનલાલ પાછો એ જમન-ઝમકુ તરફ વળ્યો. ખેસધારીએ કહ્યું :

''કાં! ઘડીક સાટુ શીદ બગાડો છો બાજી?''

''મારે મોડું થાય છે.''

''વોય ભણેલો! આ વિદ્યા શું લીલું કરવાની હતી?''

સુમનલાલે જઈને કહ્યું : ''લ્યો, જોખો અધમણ : હું મજૂર બોલાવું.''

જમન દરેક પાંચ શેરની ધારણમાં અક્કેક શેર નમતું તોળવા લાગ્યો.

ખેસધારી ભાઈ આવીને ઊભા રહ્યા : ''આ બધું તો એકનું એક થયું ને, માળા ગાંડા!''

''કેમ?''

''આટલી નમતી ધારણે તો એ જ હિસાબ થઈ રહે છે : મેં આનાનાં ત્રણ શેર તો માગ્યાં'તા.''

''અમે તો, બાપા રકઝકના કાયર. ચાર દિ'થી સૂકા રોટલા ચાવતાં હોઈએ, ઇ કાંઈ અમનેય થોડું ગમે છે? પેટમાં પાણાની જેમ ખૂંચે છે, ભાઈ!''

ઝમકુ બોલતી ગઈ. જમન જોખતો ગયો. પાંચેક ચીભડાં વધ્યાં. જુવાને કહ્યું : ''જોખો એક વધુ ધારણ.''

''ના, ઝમકુએ કહ્યું : ''ઈમ ને ઈમ નાખી દ્યો. ધારણ નથી કરવી. ભલે ભાઈ લઈ જાતા. તમારાં પેટ ઠરે, બાપા!''

જુવાન સુમનલાલને આ જમન-ઝમકુમાં રસ પડ્યો. વર્ડ્ઝવર્થનાં ઊર્મિ-ગીતોમાં કદી આવો રસ નહોતો ઊપજ્યો. એણે કૌતુકથી પૂછવા માંડ્યું : ''ક્યાંનાં છો? ક્યા વાડા કરો છો? કેટલા મહિનાની મહેનત? શી-શી મુસીબતો? કેટલું રળો? ક્યારે પરણ્યાં છો? કેટલી ઉમ્મર છે બેઉની? આ બાળકને કેમ ધવરાવ્યા જ કરો છો? ટાઢા રોટલા કેમ ખાઓ છો? -આંહીં કોઈ ન્યાતીલાઓનાં ખોરડાં નથી?''

દરેક જવાબમાં સુમનલાલે સંધ્યાના રંગો જેટલી જ નિખાલસ સલૂકાઈ દીઠી. વચ્ચે-વચ્ચે વર-વહુના મતભેદનું મીઠું, મર્માળું ટીખળ પણ માણ્યું. પણ આ વર-વહુએ એ વાતો દરમિયાન પોતાનો સંકેલો ચાલુ જ રાખ્યો હતો. પછેડી ખંખેરીને એ બંને પોતાની ભાડે રાખેલી વખારમાં ગયાં.

સૂરજ દોડાદોડ ચાલ્યો છે : ક્યાં જાય છે આટલો અધીરો બની ક્યાં જાય છે! પોતાને સાસરે કે પિતૃઘેર-તે તો એ જાણે! પણ એની સાથે આ જમન-ઝમકુ પણ સંવાદ કરી રહ્યાં છે. છોકરાને કેડે ઝાલીને ઝમકુ ધણીને એક હાથે બધી લે મેલ્યમાં સાથ દઈ રહી છે. ''આ અલીભાઈની અઢી શેરી દઈ આવો : આ છરી લઈ લ્યો : આ દીવામાંથી ઘાસલેટ ઢોળીને લઈ લ્યો : આ લ્યો આ કાગળમાં વીંટી લ્યો : આ તાળું વખારના માલેકને આપી આવો : લ્યો, આપણાં લૂગડાંલત્તાંની ને તોલાં-ત્રાજવાંની ફાંટ બંધાવું : સૂંડલો મારે માથે મેલો : અરે, ભાન-ભૂલ્યા, ઈંઢોણી તો પે'લી મૂકો!''

દરેક આદેશનું મૂંગું પાલન કરતો ધણી દોડાદોડ કરતો હતો.

સુમનલાલ પણ વખારે આવીને તાલ જુએ છ ; ને બાઈને કહે છે :

''તમારું કહ્યું બરાબર ઉઠાવે છે, હો!''

''ઉઠાવે નહિ, ભાઈ ? ઊના-ઊના રોટલા જમવા છે. આજ મારી માના હાથના : ખરું ને, એલા?''

જમનના વ્યસનહીન રાતા હોઠ મરકતા હતા.

''પાછા આ વખતે તો અમારે સરમાણિયાને મેળે જવું છે : કાં ને, એલા ?''

જુવાનની આંખોમાં આ બધી વાતોની 'સેંકશન' થકી આનંદના દીવા રમવા લાગ્યા.

પેલા ખેસધારી ભાઈ ક્યાંઈક આંટો દઈને પાછા આવ્યા :

''કાં, સુમનલાલ! શાક ક્યાં?''

''ક્યારનું ઘેર પહોંચડાવી દીધું, મજૂર ભેળું.''

''ઠીક; મજૂરને પણ ઘરનું બે ટંકનું શાક નીકળશે! ને તમે તો બહુ રોકાણા! કાંડા ઘડિયાળના કાંટા ખોટકી ગયા કે શું?''

એ મર્મમાં હૃદયની તમામ દુર્ગંધ હતી.

સુમનલાલે કહ્યું : ''હું તો જોઈ રહ્યો છું, કે આ લોકોનું કેવું સાચું સહિયારું જીવન છે!''

''કૉલેજમાં આવું નહિ શિખવાડાતું હોય, ખરું? વાણિયાના દીકરાઓની નિશાળ શાકપીઠમાં ખોલાવવા જેવું છે : કેમ, નહિ?''

''હા, સટ્ટાબજારમાં તો નહિ જ...''

''બરાબર છે : ત્યાં બાઈઓ ન મળે ખરી ને!''

''એટલે જ આપણે પાંગળા છીએ ને? બાઈઓ રસોડે આપણા મહેમાનો સારુ ઊની-ઊની રોટલી જ ઉતાર્યા કરે છે!''

દરમિયાન જમન-ઝમકુ પરવારી રહ્યાં. વહુએ માથા પર ગાંસડીવાળો સૂંડો ચડાવી લીધો. ધણીએ છોકરાને ખભે ચડાવ્યો. છોકરો બાપના માથે માથું ઢાળીને ત્યાં ને ત્યાં જ ઊંઘી ગયો.

''લ્યો, બાપા, રામરામ! તમારે પરતાપે વે'લા વે'લા અમે ઊના રોટલા ભેગાં થઈ જાશું.''

''પ્રતાપ તમારી મહેનતનો, બહેન!''

ઉજળિયાત જુવાનના મોંમાંથી 'બહેન' શબ્દ સંબોધાતાં ઝમકુને એક નવી દુનિયાનાં દ્વાર ઊઘડી પડ્યાં લાગ્યાં.

''હું રાજપર આવીશ ત્યારે તમારા વાસમાં ચોક્કસ આવીશ.''

''જરૂર-જરૂર આવજો, ભાઈ : આ ગગાના સમ છે તમને.''

કેસૂડાંની વનરાઈ સંકેલીને જ્યારે સંધ્યા ચંપા-ધારની પાછળ ઊતરી ગઈ હતી અને આઠમનો ચાંદો વાદળીઓમાં રમતી કન્યાઓને દૂધિયા રંગની ઓઢણીઓ દેતો હતો, ત્યારે ત્રણ ઠેકાણે ત્રણ તરેહની વાતો ચાલી રહી હતી :

-પેલા ખેસધારી શેઠિયા પોતાની બહેનને ઘેર આવેલી જાનનાં માણસોને સુમનલાલનો દાખલો આપી કૉલેજમાં ભણનારાંની વ્યવહાર-કુશળતાની મશ્કરી માંડતા હતા : 'વાણિયા વિના રાવણનું રાજ ગયું તે આ રીતે, બાપા!' એ જૂની કહેવતને એમણે લાખ રૂપિયાની કહી જણાવી.

- ઘેરે પોતાની બહેનનાં લગ્ન હતાં, તેની ધમાલમાંથી છાની-માની પોતાની જુવાન પત્ની સવિતાને મેડી ઉપર બોલાવીને સુમન અમરાપરાનો કેડો બતાવતો હતો : ''સવિતા! એ કેડે બે વર-વહુ ચાલ્યાં જાય છે, એનું તે સાચું સહજીવન. મરતાં-મરતાં પણ એ જીવતરનાં તોફાનો સાથે રહી વીંઝે છે. આપણું સહજીવન કેવળ સિનેમામાં, ફોટોગ્રાફમાં અને રાતના પાંચ-છ કલાકમાં. હું વકીલ થઈશ; ને તું કુટુંબમાં રોવા-કૂટવાનું કરીશ, મારું ભઠિયારખાનું કરીશ : મારો, ક્લાર્ક પણ નહિ બની શકે. ઘૃણા છૂટે છે આ सहनाववतु सह नौ भुनक्तु सहवि‍र्यं करवावहै। ના એકવીસ ક્રોડ વાર જૂઠા બોલાયેલા મંત્ર પર. એ મંત્રનાં આચરનારાં તો ઓ જાય અમરાપરાના કેડા ઉપર......''

''માતાના સમ!'' અમરાપરને કેડે પુરુષ ખભે છોકરું સુવાડીને સ્ત્રીના હાથમાં હાથ પરોવી કહેતો હતો : ''આજ તો મને ખાઈ ગઈ'તી. પાંચ વરસથી વાડા વાવતાં આજે ગળોગળ આવી ગયો'તો. એમાં ઓલ્યા સપાઈએ, ઉપર ચીર્ય માગનારી બાઈએ ને શેઠિયાએ તો મારી ખોપરી ફાટ-ફાટ કરી મેલી.''

''અરે ભૂંડા, ખોપરીને તો ટાઢી રાખીએ.''

''ના, ના; આમ લોહીનાં પાણી કર્યેય જો રોટલો ન પામતો હોય, તો પછી.... મેરકાની ટોળીમાં ભળવું શું ખોટું!''

''રોયા! ચોરી....'' બાઈએ વરને ચીંટીઓ ભર્યો.

'' માતાના સમ : કદીક છે ને બે મહિનાની જેલ મળે, એટલું જ ને !''

''બસ, એ તારે મન કાંઈ નહિ?'' બાઈએ પ્રેમના તુંકારા માંડ્યા.

''ના, રોટલા તો ત્યાંયે મળે છે : ઊલટાનાં બે ટાણાં બબ્બે રોટલા, દાળ અને શાક પેટ- પૂરતાં આપે છે.''

''પણ ત્યાં તુંને બે વાનાં નહિ મળે; તારાં આંસુડાં નહિ સુકાય.''

''શું નહિ મળે ?''

'' એક આ તારી ઝમકુ, ને બીજો આ દીકરો ઝીણીયો.''

''એટલેથી કરીને જ આ વાડા પાઈને પ્રાણ નિચોવું છું ને! બાકી, આ દુનિયા-આ શેઠ-શાહુકાર ને આ સપારડા તો હવે મને ચોર જ બનાવી રહેલ છે.''

''કેમ આમ હારી જા છ?'' ઝમકુએ ચાંદાના ઉજાસમાં ધણીની આંખો ભીની થતી ભાળી. એના સાદમાં પણ ખરેડી પડી હતી. એણે ધણીને શરીરે હાથ વીંટીને હૈયા સાથે ચાંપ્યો : ''હે બહાદુર! મરદ થઈને આવા માઠા વચાર! ઠાકર''

''ઠાકરની વાત હવે નથી ગમતી. 'કીડીને કણ અને હાથીને હારો' દેનારો મરી ગયો લાગે છે.''

''ગાંડા! સંજ્યા-ટાણે ઠાકરનું હીણું ન બોલીએ તારે ખંભે તો જો : ઝીણીઓ ઝંપીને સૂતેલો છે.''

''પણ ત્યારે આ તું ને હું- બેય તૂટી મૂવાં, તોય તાજો રોટલો કેમ ન મળે? આ મલક બધો બંગલા-મેડીયુંમાં મા'લે છે., ગંઠાહાર ને હીરા પે'રે છે; તારા-મારા જેવા દસ નભે એટલી તો એની એંઠ્ય રોજ ગટરુંમાં પડે છે; ફોનુંગ્રામ અન ધૂડપાપ વગર એના દા'ડા ખૂટતા નથી ત્યારે આપણને તો પૂરી ઊંઘેય નહિ! આ તે શુ?''

''તને વિચારવાયુ ઊપડ્યો.''

''મારું મન મૂંઝાય છે. મેરકાની ટોળી મહિને-પંદરદા'ડે કેટલું પાડે છે-જાણ છ?''

''તું ઝમકુનો દા'ડો ખા - જો હવે વધુ બોલ્ય તો. જો, અમરાપરાનો સીમાડો આવી ગયો.'' ઝમકુએ વરના ગાલ ઉપર ટાઢા હાથ દીધા.

સમાજનો સેવક આ જમન, એ આઠમની રાતને પહોરે, સમાજની શત્રુતાના ઊઘડું-ઊઘડું થતા દ્વારા ઉપર છેક ઉંબર સુધી પહોંચી ગયો હતો. ઝમકુનાં જનેતા સમાં ફોસલામણાંએ એને ત્યાંથી પાછો વાળી લીધો.

શિયાળવાંની લાળી સંભળાતી હતી. ચાંદનીમાં પણ એકાંત અકારી હતી. પોતાના પગ-ધબકાર પણ કોઈક પાછળ પડ્યું હોય તેવી ભ્રાંતિ કરાવતા હતા. એ બીક ઉરાડવા માટે બાઈ બોલી :

''કોઈ કાઠીબાઠી ન નીકળ્યો. દેન કોની છે આવવાની! માતાજીને નાળિયેર માન્યું છે મેં તો.''

ત્યાં તો ગામ-પાદરનાં કૂતરાં બોલ્યાં.

### શબ્દાર્થ

**મતીરાં** ચીભડાં **કાછિયો** શાકભાજી વેચવાવાળો **ટાંપ** નજર **વરા** પ્રસંગો **મધરાસિયું** મદ્રાસનું કાપડનું માથાબંધન

### રૂઢિપ્રયોગ

**ગળોગળ આવી જવું** ધરાઈ જવું (અહીં) કંટાળી જવું **પ્રાણ નિચોવવા** ખૂબ પરિશ્રમ કરવો

### સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના ઉત્તર એક-એક વાક્યમાં લખો :**

(1) લેખક ઝમકુ અને જમનના સંદર્ભે કોને સાચો યજ્ઞ કહે છે ?

(2) વેપારી બાપ, એના દિકરાને ક્યું શાસ્ત્ર ભણાવે છે ?

(3) એક ચીર લેતી શેઠાણીને જોઇને ઝમકુને શું સાંભરી આવ્યું ?

(4) સુમનલાલે ઝમકુના જવાબમાં શું જોયું ?

(5) ઝમકુએ માતાજીને શા માટે નાળિયેર માન્યું હતું ?

**2. નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યમાં ઉત્તર લખો :**

(1) માતાજીએ સે' પૂરી છે એવું ઝમકુને ક્યારે લાગ્યું ?

(2) રૂના સટ્ટા રમનાર વેપારીએ ઝમકુને ભોંઠી પાડતાં શું કહ્યું ?

(3) જમનને દાઝે ભરાયેલો જોઇને ઝમકુએ શું કહ્યું ?

(4) સુમનલાલે ખેસધારી વેપારીએ શા માટે થોભી જવા કહ્યું ?

(5) સુમનલાલને જમન-ઝમકુ વિશે તેમની પત્ની આગળ શી પ્રશંસા કરી ?

**3. માગ્યા પ્રમાણે કરો :**

(1) ઝમકુ અને જમનનો દામ્પત્ય પ્રેમ. – પાઠને આધારે સમજાવો.

(2) શ્રીમંત લોકોની શોષણવૃત્તિ અને સંવેદનહિનતા – તમારા શબ્દોમાં વર્ણવો.

(3) 'બૂરાઇના દ્વાર પરથી' શીર્ષકની યથાર્થતા ચર્ચો.

### વિદ્યાર્થી પ્રવૃત્તિ

- તમને પરિચય હોય તેવા બે અલગ મિજાજ ધરાવતા માણસોનો પરિચય લખો.
- આ વાર્તાના સંવાદો પાકા કરી વર્ગખંડમાં તેનું 'વાચિકમ્' કરો.

### ભાષા-અભિવ્યક્તિ

લેખકની ભાષા-અભિવ્યક્તિ જ આ વાર્તાનું ચાલકબળ બને છે. તળપદ શબ્દાવલિ, ધારદાર કથન, ટૂંકા સંવાદો, આછી ઘટના સાથે વાર્તા ગતિ કરે છે. પતિ-પત્નીના સંવાદોમાં લાઘવ છે.

''પણ હવે રોટલા કાં'ક સુકાણા, હો! ભેળું કાંઈ શાક-અથાણું ન મળે ખરુંને, એટલે પાણીને ઘૂંટડે-ઘૂંટડે....''

અહીં અવતરણમાં મુકાયેલા અધૂરા સંવાદમાં પતિ-પત્નીના લૂખા-સૂખા ભોજનની વાત સરસ રીતે મુકાઈ છે. સમગ્ર વાર્તાના કથાવસ્તુને સુંદર ઓપ આપે છે : તળપદી, સરળ છતાં સચોટ બોલી અને ઝમકુ તેમજ જમનનાં ખમીર ભર્યાં, ગરીબાઈથી રસકસ થયેલાં દામ્પત્યજીવનનાં શબ્દચિત્રો, સમગ્ર વાર્તાના કથાવસ્તુમાં ગૂંથાયેલા દંપતીના જીવનને ચરિતાર્થ કરતું શબ્દચિત્ર જુઓ, માણો અને શબ્દશક્તિને પ્રમાણો :

''સંસાર જો તપોવન હોય અને પરસેવો ટપકાવીને પેટ-ગુજારો કરવો એ જ **સાચો યજ્ઞ** હોય, તો તો આ બેઉ જણાં સાચો યજ્ઞ કરી રહ્યાં હતાં. બેઉ **ઉપવાસી** હતાં, ધૂપમાં બેઠાં હતાં, **એક આસને બેઠાં હતાં; ધૂળના** વંટોળા ગરીબીના **હવનના ધુમાડા** શા ઊડતા હતા અને બેઉના મોં ઉપર આનંદનો ઉજાસ હતો.''

ઘાટાં પદોના અર્થનાં અનેક ભાવવમળો તમારા મનને-હૃદયને-આનંદના ઉજાસમાં લઈ જશે!

### શિક્ષક પ્રવૃત્તિ

તમે આ વાર્તાનું નાટ્યરૂપાંતર કરી વિદ્યાર્થી પાસે ભજવાવો.

તમારા ગામમાં વસતા આવા કોઈ મજૂરોની મુલાકાત લેવાનો 'પ્રોજેક્ટ' વિદ્યાર્થીને સોંપો.

●